# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 24-04-2025 Day: Thursday Morning : 6.50 to 6.55am**

આકાશવાણી ભુજ સમાચાર **આરતી ભટ્ટ** વાંચે છે.

---

## પહેલગામ આતંકવાદી હુમલો-બેઠક

પહેલગામ આતંકવાદી હુમલા બાદ ભારતે પાકિસ્તાન સામે કડક કાર્યવાહી કરી છે. પાકિસ્તાન સાથે ૧૯૬૦ની સિંધુ જળ સંધિ સ્થગિત કરવામાં આવી છે અને અટારી ઇન્ટિગ્રેટેડ ક્રોસિંગ સ્ટેશન તાત્કાલિક અસરથી બંધ કરવામાં આવ્યું છે. ગઈકાલે સાંજે પ્રધાનમંત્રી નિવાસસ્થાને મળેલી બેઠકમાં સુરક્ષા અંગેની કેબિનેટ સમિતિએ એકંદર સુરક્ષા પરિસ્થિતિની સમીક્ષા કરી હતી અને તમામ સુરક્ષા દળોને સતર્ક રહેવા નિર્દેશ આપ્યો હતો.

બેઠક બાદ વિદેશ સચિવ વિક્રમ મિશ્રીએ પત્રકારોને જણાવ્યું હતું કે પાકિસ્તાની નાગરિકોને સાર્ક વિઝા મુક્તિ યોજના હેઠળ ભારતની મુસાફરી કરવાની મંજૂરી આપવામાં આવશે નહીં. તેમને પહેલાથી જ જારી કરાયેલા વિઝા રદ ગણવામાં આવશે. આ વિઝા હેઠળ, ભારતમાં રહેતા પાકિસ્તાની નાગરિકોએ 48 કલાકની અંદર ભારત છોડવું પડશે. વિદેશ સચિવે કહ્યું કે નવી દિલ્હીમાં પાકિસ્તાન હાઈ કમિશનના સંરક્ષણ/લશ્કરી, નૌકાદળ અને વાયુસેના સલાહકારોએ એક અઠવાડિયાની અંદર ભારત છોડવું પડશે. ભારત ઇસ્લામાબાદ સ્થિત ભારતીય હાઇ કમિશનમાંથી તેના સંરક્ષણ/લશ્કરી, નૌકાદળ અને વાયુસેના સલાહકારોને પણ પાછા ખેંચી લેશે. શ્રી મિશ્રીએ જણાવ્યું હતું કે બંને દેશોના હાઇ કમિશનમાં આ પોસ્ટ્સ રદ માનવામાં આવશે. સલાહકારોના પાંચ સહાયક સ્ટાફને પણ હાઇ કમિશનમાંથી દૂર કરવામાં આવશે. વિદેશ સચિવે જણાવ્યું હતું કે 1 મે સુધીમાં, ઉચ્ચાયોગમાં સ્ટાફની સંખ્યા 55 થી ઘટાડીને 30 કરવામાં આવશે.

પહેલગામ આતંકવાદી હુમલા બાદ સરકારે આજે નવી દિલ્હીમાં સર્વપક્ષીય બેઠક બોલાવી છે. સૂત્રોએ જણાવ્યું હતું કે આ બેઠક સંસદ ભવન સંકુલમાં સાંજે 6 વાગ્યે યોજાશે.

---

## ગૃહમંત્રી અમિત શાહ

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે કહ્યું છે કે કાશ્મીરના પહેલગામમાં થયેલા આતંકવાદી હુમલામાં દરેક ભારતીય પોતાના પ્રિયજનોને ગુમાવવાનું દુઃખ અનુભવે છે. તેમણે બધા પરિવારો અને સમગ્ર રાષ્ટ્રને ખાતરી આપી કે નિર્દોષ લોકોની હત્યા કરનારા આતંકવાદીઓને બક્ષવામાં નહીં આવે. તેમણે શ્રીનગરના પોલીસ કંટ્રોલ રૂમમાં મૃતકોના પાર્થિવ દેહને પુષ્પાંજલિ અર્પણ કરી. શ્રી શાહે કહ્યું કે દેશ આતંક સામે ઝૂકશે નહીં.  ગૃહમંત્રીએ પહેલગામના બૈસરન વન વિસ્તારમાં ઘટનાસ્થળે પરિસ્થિતિનો તાગ મેળવ્યો. તેમણે અનંતનાગની સરકારી કોલેજ હોસ્પિટલમાં ઇજાગ્રસ્તોને પણ મળ્યા અને તેમના સ્વાસ્થ્ય વિશે પૂછપરછ કરી..

---

## પ્રધાનમંત્રી શ્રી મોદી- બિહાર મુલાકાત

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે બિહારની મુલાકાતે જશે. શ્રી મોદી રાષ્ટ્રીય પંચાયતી રાજ દિવસ નિમિત્તે મધુબનીથી દેશવ્યાપી ગ્રામસભાઓને સંબોધિત કરશે. પ્રધાનમંત્રીનો મુખ્ય કાર્યક્રમ ઝાંઝરપુરના બિદેશ્વર સ્થાન ખાતે યોજાશે, જ્યાં તેઓ ૧૩ હજાર ૫૦૦ કરોડ રૂપિયાથી વધુના માળખાગત વિકાસકામોનું ઉદ્ઘાટન કરશે. પ્રધાનમંત્રી આ પ્રસંગે રાષ્ટ્રીય પંચાયત પુરસ્કારો ૨૦૨૫ પ્રદાન કરશે. પ્રધાનમંત્રી મધુબનીથી અત્યાધુનિક જયનગર-પટણા નમો ભારત રેપિડ એક્સપ્રેસ અને સહરસા એલટીટી મુંબઈ અમૃત ભારત એક્સપ્રેસ ટ્રેન સહિત ચાર નવી ટ્રેનોને લીલી ઝંડી ફરકાવીને શરૂ કરશે.

---

## પહેલગામ હુમલો- કચ્છ શ્રધ્ધાંજલિ કાર્યક્રમ

કાશ્મીરના અનંતનાગ જિલ્લાના પહેલગામમાં થયેલા આતંકી હુમલામાં મૃત્યુ પામેલા નિર્દેષ પર્યટકોના આત્માની શાંતિ હેતુ અને જેઓ ઘાયલ થયા છે તે જલ્દી સાજા થાય તેવી કામના સહ કચ્છમાં વિવિધ સ્થળોએ વિવિધ રાજકીય-સામાજિક સંસ્થાઓ દ્વારા વિરોધ પ્રદર્શન સાથે

શ્રદ્ધાંજલિ અર્પણ કાર્યક્રમો યોજાયા હતા. ભુજ, નલિયા, ગઢશીશા, નખત્રાણામાં પૂતળા દહન કાર્યક્રમ યોજાયો હતો

---------------------------------------------------------------------------------

## રસીકરણ

કચ્છમાં આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ દ્વારા 30 એપ્રિલ સુધી વિશ્વ રસીકરણ સપ્તાહની ઉજવણીના ભાગરૂપે વિવિધ કાર્યક્રમો યોજાશે. આ કાર્યક્રમ અંતર્ગત આજે બાળકોનું ખીલખીલાટ વાહન દ્વારા રસીકરણ કરવામાં આવશે. 26 એપ્રિલના 9 મહિનાથી વર્ષ સુધીના તમામ બાળકોને ઓરી અને રૂબેલાની રસી અપાશે તથા 30 એપ્રિલના મમતા દિવસ નિમિતે સગર્ભા માતાઓના રસીકરણનું આયોજન કરાયું છે. રસીકરણથી વંચિત રહી ગયેલા બાળકો અને સગર્ભા માતાઓનું રસીકરણ વિશ્વ રસીકરણ સપ્તાહની ઉજવણીના ભાગરૂપે કરવામાં આવશે. કાર્યક્રમના આયોજનની વિગતો નજીકના આશાબહેનો**,** આંગણવાડી કાર્યકર અથવા એ.એન.એમ.નો સંપર્ક કરી મેળવી શકાશે.

---------------------------------------------------------------------------------

## વેકેશન

**જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી કચેરીની યાદી અનુસાર જિલ્લાની તમામ પ્રથમિક શાળાઓમાં ઉનાળુ વેકેશનની જાહેરાત કરવામાં આવી છે તે મુજબ આગામી તારીખ પાંચી મેથી આઠમી જૂન સુધી કુલ 35 દિવસનું વેકેશન જાહેર કરવામાં આવ્યું છે. અને 9મી જૂનથી નવા સત્રનું શૈક્ષણિક કાર્ય રાબેતા મુજબ ચાલુ થશે. તેમજ ચાલુ વર્ષે લેવામાં આવેલી પરીક્ષાના પરિણામ ત્રીજી મેના જાહેર કરાશે અને પાસ થનાર વિદ્યાર્થીઓને ઉપલા ધોરણમાં ચઢાવવામાં આવશે એમ યાદીમાં જણાવાયું છે.**

---------------------------------------------------------------------------------